કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ ઝોન
સુરત મહાનગર પાલિકા

સાઉથ વેસ્ટ ઝોન
આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા.
ફોન નંબર :૨૬૬૩૦૪૯-૫૦,૨૬૬૭૯૨૬

પ્રતિ,

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

સાયન્સ સેન્ટર/આઉટ/ નં. 643......
તા.07... /૦૨/૨૦૨૩

**વિષયઃ–** સુરત શહેરના સાયન્સ સેન્ટર ખાતે જુના/ કંડમ તથા બિન વપરાશી ઈલેકટ્રીકલ–મીકેનીકલ માલસામાનોની અપસેટ વેલ્યુ નકકી કરવા બાબત.

મહાશય,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત શહેરના સાયન્સ સેન્ટર ખાતે જુના/ કંડમ તથા બિન વપરાશી ઈલેકટ્રીકલ–મીકેનીકલ માલસામાનોનો યોગ્ય રીતે નિકાલ માટે તેમનું વેલ્યુએશન કરી અપસેટ વેલ્યુ નકકી કરાવવાનું હોય, જે અંગે આપના ભાવપત્રક સીલબંધ કવરમાં તા.૧૫/૦૨/૨૦૨૩ સુધીમાં "ચીફ એકાઉન્ટ, એકાઉન્ટ વિભાગ, ૨–જો માળ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત– ૩૯૫ ૦૦૩ પ્રતિ મોકલી આપવા પ્રબંધ કરશો.

| અ. નં. | વિગત | કુલ ભાવ (તમામ ટેક્ષ, વેરા વિગેરે સહિત) |
|---|---|---|
| ૧ | સાયન્સ સેન્ટર ખાતે જુના/ કંડમ તથા બિન વપરાશી ઈલેકટ્રીકલ–મીકેનીકલ માલસામાનનો નિકાલ માટે તેમનું વેલ્યુએશન કરી અપસેટ વેલ્યુ નકકી કરવાનું કામ | રૂા. ........................................................ |
| ** | કુલ રૂા. (શબ્દોમાં)<br>અંક અને શબ્દમાં તફાવત હોય તો શબ્દમાં વર્ણવેલ રકમ ફાઈનલ ગણવામાં આવશે. | |

**જનરલ ટર્મ્સ એન્ડ કન્ડીશન્સ :**

(1) ભાવપત્રકના ભાવો ભાવપત્રક ખોલ્યાની તારીખથી દિન–૧૨૦ માટે બંધન કર્તા રહેશે.

(2) ભાવપત્રક ખોલ્યા બાદ ભાવ બાબતે કોઈપણ પ્રકારનું નેગોશીએશન કરવામાં આવશે નહી.

(3) કોઈપણ પ્રકારનું શરતી ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહી.

(4) ભાવ જીએસટી તથા તમામ વેરા/ ડયુટી, ટ્રાન્સપોર્ટેશન વિગેરે સહિતના આપવાના રહેશે.

(5) ભાવપત્રક આપતા પહેલા ઈજારદારે સ્થળ તપાસ કરી/કરવાની કામની સંપુર્ણ માહિતી લઈ સ્થળ પરિસ્થિતિ જોઈ ચકાસી ભાવ જીએસટી તથા તમામ લાગુ પડતા ટેક્ષ સહિતના આપવાના રહેશે.

બીડરની સહી તથા સિકકોઃ–

(6) ૧લી જુલાઈ ૨૦૧૭ થી ભારત સરકાર ધ્વારા અમલમાં મુકવામાં આવેલ જી.એસ.ટી. (ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ) કરારની શરતો મુજબ કોન્ટ્રાકટ દરમ્યાન સુચિત ચુકવવા જોગ રકમ કોન્ટ્રાકટ/સફળ બીડર ભરવા બંધાયેલ છે.

(7) કોન્ટ્રાકટનાં સમયગાળા દરમ્યાન સરકારમાં જીએસટીની રકમ ભરવાની સઘળી જવાબદારી સફળ બીડર કોન્ટ્રાકટરની રહે છે. જો તેમ કરવામાં ચુક થશે તો તેઓને ચુકવવામાં આવનાર કોઈપણ રકમ માંથી મહાનગર પાલિકા વસુલ લઈ શકશે અને જે અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટર/ બીડરને બંધન કર્તા રહેશે.

(8) વધુમાં જીએસટીની રકમ સરકારમાં જમાં નહી કરાવવાથી કોન્ટ્રાકટ રદ થઈ શકે છે અને સીકયોરીટી ડીપોઝીટ પરફોર્મન્સ ગેરેન્ટીની રકમ જપ્ત થઈ શકે છે.

(9) કોન્ટ્રાકટ સમય દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ/ ડયુટી/ લેવીસ/ સેસ અથવા અન્ય કોઈ ઈન્સીડેન્ટલ વિ. (જીએસટી સિવાય) લાંદવામાં આવે તો તે સફળ કોન્ટ્રાકટર/ બીડરે ભોગવવાના રહેશે. સદર બાબતે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(10) એડવાન્સ બીલ ચૂકવણું કરવામાં આવશે નહી.

(11) ભાવપત્રકમાં દર્શાવેલ ભાવોમાં છેકછાક હશે તો કાઉન્ટર સહી ફરજીયાત કરવાની રહેશે અન્યથા ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહીં.

(12) બીડર પાસે જીએસટી રજીસ્ટ્રેશન નંબર હોવો તથા બીડર ગર્વમેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર હોવો ફરજીયાત છે. વેલ્યુઅરે સંલગ્ન ક્ષેત્રના વેલ્યુઅર હોવાનું સેલ્ફ એટેસ્ટેડ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

<u>કામગીરીના સંલગ્ન ક્ષેત્ર સિવાયના વેલ્યુઅરનું ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ બીડરે લેવાની રહેશે.</u>

(13) બીડરે જીએસટી રજીસ્ટ્રેશન અંગેનું સેલ્ફ એટેસ્ટેડ સર્ટીફિકેટ ભાવપત્રક સાથે રજુ કરવાનું રહેશે.

(14) વેલ્યુઅર રજીસ્ટ્રેશન તેમજ જીએસટી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ ન ધરાવતાં બીડરનું ભાવપત્રક માન્ય ગણવામાં આવશે નહીં. જે અંગે પાછળથી કોઈ રજુઆત માન્ય રાખવામાં આવશે નહીં.

(15) બીડરે ભાવપત્રક જીએસટી રજીસ્ટ્રેશનમાં દર્શાવેલ/ માન્ય નામે જ ભરવાનું રહેશે અન્યથા સદર બીડરનું ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહીં.

(16) બીડરે ભાવો મહાનરપાલિકાના ભાવપત્રકમાં જ ભરવાના રહેશે અન્યથા તેઓનું ભાપત્રક માન્ય ગણવામાં આવશે નહીં.

(17) બીડરે ભાવપત્રકના તમામ પાના પર સહી તથા સિકકા સાથે રજુ કરવાનું રહેશે તેમ કરવામાં ચૂક થશે તો ભાવપત્રક માન્ય રાખવામાં આવશે નહી.

ભાવપત્રક બાબતે કોઈ કવેરી હોય તો સાયન્સ સેન્ટર, મહેશ્વરી ભવનની બાજુમાં, સીટી લાઈટ રોડ, સુરત મહાનગરપાલિકા, સુરત– ૩૯૫ ૦૦૭ | ફોન નં: (૦૨૬૧) ૨૨૫૫૯૪૬ નો સંપર્ક કરવાનો રહેશે.

(18) કોઈપણ ભાવપત્રક સ્વીકારવાનો કે કોઈપણ અથવા બધા ભાવપત્રકો રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધીશનો રહેશે. જે અંગે કોઈપણ કારણ દર્શાવવામાં આવશે નહીં.

(19) કામ અંગેના કોઈપણ તકરારી મુદ્દામાં મ્યુનિસિપલ કમિશનરનો નિર્ણય આખરી અને વેલ્યુઅરને બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
સુરત મહાનગર પાલિકા

બીડરની સહી તથા સિકકો:–